# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05/02/2026** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, ભારત-અમેરિકા વચ્ચે વેપાર કરારથી રાજ્યના MSME સહિતના વેપાર-ઉદ્યોગને સીધો લાભ થશે**
2. **રાજ્યમાં આગામી પહેલી એપ્રિલથી આવક અને જાતિના દાખલા સહિતના 18 પ્રમાણપત્ર ઑનલાઈન મળશે.**
3. **PM કિસાન પોર્ટલમાં રાજ્યના ખેડૂતોની 88 ટકા નોંધણી સાથે ગુજરાત સમગ્ર દેશમાં ચોથા ક્રમે.**
4. **રાજ્યમાં આગામી 21 તારીખથી સુજલામ્ સુફલામ્ જળ અભિયાન હાથ ધરાશે.**
5. **WPL ક્રિકેટમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને દિલ્હી કૅપિટલ્સ વચ્ચેની ફાઈનલ મૅચ આજે વડોદરામાં રમાશે.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# CM PATEL ON US TARIFF

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર એ વિશ્વને નવા ભારતની શક્તિનો પરિચય છે.

એક વીડિયો સંદેશમાં શ્રી પટેલે કહ્યું , મેંડ ઇન ઇન્ડિયા ઉત્પાદનો પર ટૅરિફ એટલે કે વેરા ઘટાડો એ ઉત્પાદન , સુક્ષ્મ , લઘુ અને મધ્યમ ઉદ્યોગ – **MSME,** નિકાસકારો અને રોજગાર સર્જન માટે નોંધપાત્ર પ્રોત્સાહન છે.

સાથે જ આ નિર્ણયથી રાજ્યના ઉત્પાદન ક્ષેત્ર અને **MSME** સહિતના વેપાર-ઉદ્યોગને સીધો લાભ થશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો.

## (BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

---

# DIAMOND INDUSTRIES SURAT

અમેરિકાએ ભારત પર ટૅરિફ ઘટાડતા દેશભરના ઉદ્યોગકારો આ નિર્ણયને આવકારી રહ્યા છે. ત્યારે સુરતના ઇન્ડિયન ડાયમંડ ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષ દિનેશ નાવડિયાએ કહ્યું, ટૅરિફ ઘટવાથી ભારતના હીરા અને ઝવેરાત ઉદ્યોગને મોટો લાભ થશે. આ સાથે જ હીરા ઉદ્યોગનું ભવિષ્ય પણ સુરક્ષિત થયું છે. તેમણે કહ્યું , સુરતના હીરા ઉદ્યોગને ફરી નવા ઓર્ડર મળશે.

---

# INCOME CERTIFICATE ONLINE

રાજ્યમાં આગામી પહેલી એપ્રિલથી આવક અને જાતિ ના દાખલા સહિતના 18 પ્રમાણપત્ર ઑનલાઈન મળશે. ગઈકાલે ગાંધીનગરમાં યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણય અંગે પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ કહ્યું , આ સુવિધાથી 80 લાખ જેટલા લોકોને સીધો લાભ થશે.

સરકારી પ્રમાણપત્ર સરળતાથી મળી રહે તે માટે સમગ્ર પ્રક્રિયા ઑનલાઈન અને ફેસલેસ બને તે માટે આ નિર્ણય કરાયો છે.

**(BYTE: JITU VAGHANI, CABINET MINISTER)**

---

# PM PARIKSHA PE CHARCHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને આવતીકાલે "પરીક્ષા પે ચર્ચા" કાર્યક્રમને નિહાળવા આગ્રહ કર્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં પ્રધાનમંત્રીએ પરીક્ષાર્થીઓને તણાવમુક્ત થઈને પરીક્ષા આપવા ,પડકારનો સામનો કરવાની વ્યવહારુ પદ્ધતિઓ અપનાવવા, સંકલન જાળવવા અને આત્મવિશ્વાસ વધારવા પર ભાર આપ્યો છે.

શ્રી મોદીએ કહ્યું , આ વર્ષે પરીક્ષાર્થીઓની સાથે દેવમોગરા , કોયમ્બતૂર, રાયપુર, ગુવાહાટી અને તેમના સત્તાવાર નિવાસસ્થાન સાત લોકકલ્યાણ માર્ગ , દિલ્હીમાં મહત્વના સત્ર પણ યોજાયા.

---

# PM KISAN PORTAL

**PM** કિસાન પોર્ટલમાં રાજ્યના ખેડૂતોની 88 ટકા નોંધણીની કામગીરી પૂર્ણ કરી ગુજરાત સમગ્ર દેશમાં ચોથા ક્રમે છે.

આ અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ કહ્યું , ભારત સરકારના ડિજિટલ એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ફાર્મર રજિસ્ટ્રેશન પ્રોગ્રામ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા આ કામગીરી કરવામાં આવી છે. રાજ્યમાં કુલ 59 લાખ લાભાર્થીએ ફાર્મર રજિસ્ટ્રી પોર્ટલ પર નોંધણી કરાવી છે.

**(BYTE: JITU VAGHANI, CABINET MINISTER)**

---

# C.I.S.F – CYCLOTHON

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ – **C.I.S.F** દ્વારા યોજાયેલી વંદે માતરમ્ કૉસ્ટલ સાયકલ યાત્રા ગઈકાલે ગીર સોમનાથ પહોંચી. શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા ડારી ટોલનાકા પાસે **C.I.S.F.**ના જવાનોનું સ્વાગત કરાયું.

**C.I.S.F.**ના આસિસ્ટન્ટ કમાન્ડર પ્રવિણકુમારે જણાવ્યુ કે, આ યાત્રાના માર્ગમાં આવતા ગામોના લોકો સાથે સંવાદ સાધવામાં આવી રહ્યો છે.

**(બાઈટ : પ્રવિણકુમાર, C.I.S.F. આસિસ્ટન્ટ કમાન્ડર)**

ઉલ્લેખનીય છે કે, ગત 28 જાન્યુઆરીએ લખપત કિલ્લાથી પ્રસ્થાન થયેલી આ રેલી આગામી 21 ફેબ્રુઆરીએ કેરળના કોચી પહોંચશે.

---

# SUJLAM SUFLAM JAL ABHIYAN

રાજ્યભરમાં આગામી 21 તારીખથી "સુજલામ્ સુફલામ્ જળ અભિયાન "ની કામગીરીનો પ્રારંભ કરાશે. આ વર્ષના ચોમાસા પહેલા જળ અભિયાનના કામ ઝડપથી પૂર્ણ થાય તે માટે અભિયાન વહેલા શરૂ કરાશે.

આ અંગે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ કહ્યું , આગામી ત્રણ માર્ચે હોળી છે , જેથી શ્રમિકો તહેવારના કારણે વતન જતા હોવાથી કામગીરીમાં વિલમ્બ ન થાય તે માટે પણ આ નિર્ણય કરાયો છે. એટલે દર વર્ષ કરતાં આ વર્ષે પાણીના સંગ્રહ માટે તળાવ ઊંડા કરવાની કામગીરી વહેલા હાથ ધરાશે.

ગત આઠ વર્ષમાં આ અભિયાન અંતર્ગત 13 હજાર 994 મિલિયન ઘનફૂટ પાણીનો સંગ્રહ કરાયો હોવાનું પણ શ્રી વાઘાણીએ ઉંમેર્યું.

---

# BUDDHA RELICS COLOMBO

શ્રીલંકાના રાષ્ટ્ર પ્રમુખ અનુરાકુમારા દિસાનાયકે એ ગઇકાલે કોલંબોના ગંગારામાયા મંદિરમાં ભગવાન બુદ્ધના પવિત્ર દેવનીમોરી અવશેષના પ્રથમ આંતરાષ્ટ્રીય પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું. આગામી 10 ફેબ્રુઆરી સુધી યોજાનારા આ પ્રદર્શનને નિહાળવા હજારો શ્રદ્ધાળુઓ પહોંચે તેવી અપેક્ષા છે.

ગુજરાતના દેવનીમોરી પુરાતત્વીય સ્થળ પર મળી આવેલા આ અવશેષ ખ્રિસ્તી યુગની શરૂઆતની સદીના છે . આ સ્થળ પર ભગવાન બુદ્ધના નશ્વર અવશેષનું વર્ણન કરતો શિલાલેખ આવેલો છે.

અગાઉ, પવિત્ર અવશેષો ભારતીય વાયુસેનાના ખાસ વિમાનમાં કોલંબો પહોંચ્યા હતા. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત વરિષ્ઠ બૌદ્ધ સાધુઓ અને અધિકારીઓના નેતૃત્વમાં ઉચ્ચ સ્તરીય ભારતીય પ્રતિનિધિમંડળ પણ કોલમ્બો પહોંચ્યું હતુ.

---

## RMC BUDGET

રાજકોટ મહાનગરપાલિકાનું આગામી વર્ષનું ત્રણ હજાર **595** કરોડ રૂપિયાનું મુસદ્દા અંદાજપત્ર સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરાયું છે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા રજૂ કરાયેલા અંદાજપત્રમાં ઘરે ઘરે જઈને કચરો એકત્રિત કરવા અને પાણી વેરામાં **50**થી **120** ટકાનો વધારો સૂચવાયો છે.

અંદાજપત્રમાં રમતગમત અને હવા ગુણવત્તા પર વિશેષ ધ્યાન અપાયું હોવાનું મહાનગરપાલિકાના કમિશનર તુષાર સુમેરાએ જણાવ્યું.

**(બાઇટ : તુષાર સુમેરા, મ્યુનિસિપલ કમિશનર, રાજકોટ)**

---

## WPL CRICKET VADODARA

મહિલાઓની પ્રીમિયર લીગ – **WPL** ટી-20 ક્રિકેટની ફાઈનલ મેચ આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને દિલ્હી કૅપિટલ્સ વચ્ચે રમાશે. વડોદરામાં કોટમ્બીના **BCA** સ્ટેડિયમમાં સાંજે **7:30** વાગ્યે આ મેચ શરૂ થશે.

સ્મૃતિ મંધાનાની આગેવાની હેઠળની બેંગ્લુરુની ટીમ પૉઈન્ટ ટેબલમાં ટોચ પર છે. જ્યારે જેમિમાહ રોડ્રીગ્ઝની આગેવાની હેઠળની દિલ્હીની ટીમ ત્રીજા ક્રમાંક

પર છે. અગાઉ મંગળવારે રમાયેલી એલિમિનેટરની મેચમાં ગુજરાતની ટીમને હરાવી દિલ્હીની ટીમ ફાઈનલમાં પહોંચી છે.

---

## RAJKOT POLICE KARYAVAHI

રાજકોટમાં અનધિકૃત સફેત **LED** હેડલાઈટ ધરાવતા 35 વાહનચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી અને રાજકોટ શહેર તથા જિલ્લા પોલી સની સંયુક્ત ઝૂંબેશ હેઠળ આ વાહનચાલકો પાસેથી બે લાખ રૂપિયાનો દંડ પણ વસૂલ કરાયો છે. આગામી સમયમાં પણ આવી ઝૂંબેશ યથાવત્ રહેશે, તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા જણાવાયું છે.

---

## SSC INTERNAL MARKS

રાજ્યમાં ધોરણ 10 અને સંસ્કૃત પ્રથમાના પરીક્ષાર્થીઓના આંતરિક મૂલ્યાંકનના ગુણ તથા શાળાકક્ષાના વિષયની પરીક્ષાના ગુણ બોર્ડની વેબસાઈટ પર આજથી ભરી શકાશે.

શાળાઓના આચાર્યશ્રીઓ વેબસાઈટ GSEB.ORG અને SSCMARKS.GSEB.ORG પર આજથી આગામી 21 ફેબ્રુઆરી સુધી વિદ્યાર્થીઓના ગુણ ભરી શકશે. તમામ સંબંધિતોને નોંધ લેવા અને સમય મર્યાદામાં ઑનલાઈન ગુણ ભરવા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

---